SAMVAD E-JOURNAL
ISSN : 2583-8334
(International Peer-Reviewed Refereed Journal)
Volume 3, Issue-1, Special Issue-January: 2025
Published by Rangmati Publication http://www.rangmatipublication.com/

# 17. ઉત્તર ગુજરાતની ભવાઈ કલા

*ડૉ. નિલમબેન શિવરામભાઈ પટેલ*

કલા મનુષ્ય જીવનનું અવિભાજ્ય અંગ છે. લોકકલા મનુષ્યના જીવનને સુગમ અને સરળ બનાવે છે. જો મનુષ્યના જીવનમાં વિવિધ કલાઓ ન વિકસી હોત તો જીવન નિસ્તેજ બની રહેત. વર્ષો પહેલા મનુષ્ય જાતિના મનોરંજન માટે સમાજમાં કેટલીક જાતિઓ પોતાની આવડત અને અવનવા ખેલ દ્વારા જનસમુદાયમાં મનોરંજન પૂરું પાડતી હતી, આમાં 'વાદી-ગારુડીના' ખેલ પ્રસંગની બોલીઓ, 'કઠપૂતળીવાળા', 'નટ-બજાણિયા', 'મંજિરાવાદક', 'કામળિયા અને પઢાર', 'ભવૈયા', 'બહુરૂપી', 'કામણગારો ખેલો કરતા કાંગસિયા', 'રામલીલા ભજવતા મીર અને તૂરી બારોટ', 'ધમાલનૃત્ય કરતા સીદી બાદશાહો',' ઢોલવાદના કસબી' : 'ઢોલીઓ', 'માંકડાં' રમાડનારા મદારી, 'ભાંડ', ગામઠી 'જાદુગરો' રાવણ હથ્થાવાળા 'નાથબાવા', જનનાયક જાતિ : 'ભોપા', 'મલ્લ' વગેરે જાતિઓ મનોરંજન કરાવનારી હતી. સમય જતા ટેકનોલોજીનો વિકાસ થયો, ઘરે ઘરે ટેલિવિઝન મોબાઈલ ફોન આવી ગયા જેના કારણે આ લોકકલાઓને બહુમાન મળતું ઓછું થયું અને ધીમે ધીમે આ લોકકલાઓ લુપ્ત થવા માંડી. લોકકલા કે લોકસાહિત્યની રચના પાછળ કોઈ એક વ્યક્તિ કે સર્જક ને જવાબદાર ગણવામાં આવતો નથી, આનો સર્જક સમગ્ર જન સમુદાયને માનવામાં આવે છે. એટલા માટે લોક સાહિત્ય એટલે લોકો દ્વારા, લોકો માટે, અનાયાસે રચાયેલું લોક સંસ્કૃતિનું પ્રતિબિંબ ઝીલતું અને લોકજીવન સાથે સીધું સંકળાયેલું પેઢી દર પેઢી ઉતરી આવેલું સાહિત્ય છે. માટે જ આ સાંસ્કૃતિક વારસાને જાળવી રાખવાની ફરજ સમગ્ર જન સમુદાયની છે.

લોક સાહિત્ય કે લોકકલાઓનો અભ્યાસ શા માટે ? આવા વિવિધ પ્રશ્નો આપણા મનમાં ઉઠતા હોય છે. આ પ્રશ્નના સમાધાન માટે **અમૃત પટેલ** તેમના લોકસાહિત્યના પુસ્તકમાં નોંધે છે તે જોઈએ...

"લોકજીવનમાં પડેલી કલાઓ, ગીતો, કથાઓ, નૃત્યો, માન્યતાઓ, રીતરિવાજ, આચારવિચાર અને તેમની રહેણીકરણીનો અભ્યાસ કરવાથી આપણને શું લાભ? આવો અભ્યાસ શા માટે? તેની ઉપકારકતા શું ? વગેરે પ્રશ્નો મનમાં ઉદ્દભવ્યા વિના ના રહે તે સ્વાભાવિક બાબત છે. એક લોકને સમજવાની ચાવી આ સાહિત્યમાં છે. બીજું લોક સાથે એકતા કેળવવાના સાધન તરીકે પણ આ સામગ્રી ઉપકારક છે. ત્રીજું આપણી લોક સંસ્કૃતિનું આ એક અવિચ્છિન અંગ છે. એટલી ઝડપથી સમાજ પલટાઈ રહ્યો છે કે આ સામગ્રી હવે જો નહીં એકઠી કરી લેવામાં આવે તો તે નાશ પામશે આપણા પલટાતા જતા સમાજની કેટલીક ભૂમિકાઓ પણ આ ગીતોમાંથી મળે છે. આપણા લોકજીવનના ઇતિહાસની આ વણલખી તારીજ છે. વળી લોકકલા તરીકે ને લોક કવિતા તરીકે પણ આસ્વાદ્ય છે. આ કારણોથી આ સામગ્રીનો સંચય અને અભ્યાસ બન્ને ઉપકારક જ નહીં, અનિવાર્ય પણ છે.

લોકોની જે મૂડી છે તે એકઠી કરીને સાચવીને જાળવીને લોકોને આપવાનું આ કાર્ય છે. હાલ આવા સંશોધનો થોડા ઘણા માનવીઓના સાહિત્ય વિલાસ સમાન બની ગયેલા જણાય છે એ દ્રષ્ટિએ આ માત્ર સંશોધન વિલાસ નથી, આતો લોકજીવનનો પ્રકાશ છે, તેથી ભણેલા થોડાક અને અન્ય વિશાળ લોક સમાજ બન્ને વચ્ચે એક નવીન આદાન-પ્રદાનનો માર્ગ ખૂલે તે જરૂરી છે અને ત્યારે જ આવા સંશોધનો હેતુ બર આવે. આવા સંશોધનો ઐતિહાસિક દ્રષ્ટિએ માણસશાસ્ત્રીની દ્રષ્ટિએ, સાહિત્યની દ્રષ્ટિએ, સાંસ્કૃતિક દ્રષ્ટિએ, સામાજિક દ્રષ્ટિએ, ભાષાની દ્રષ્ટિએ, એમ વિવિધ રીતે ખૂબ જ મહત્વના છે. આ દ્રષ્ટિ દ્વારા આ વિષયોમાં ખેડાણ કરી શકાય તેમ છે, કારણ કે લોકસાહિત્ય જીવતું સાહિત્ય છે લોકજીવનમાં તાણાવાણાની જેમ ગૂંથાયેલું છે. તે લોક હૈયેથી નીતરેલી પ્રવાહી શબ્દોર્મિઓનું ગાન છે, તેથી તેનું મહત્વ વિશેષ છે. આવું સાહિત્ય એકત્રિત કરીને એક સ્થળે મૂકવામાં આવે તો એ સમાજશાસ્ત્રી કે નૃવંશશાસ્ત્રી કે ભાષાશાસ્ત્રી વગેરેને અભ્યાસ માટે સહજોપલબ્ધ થઈ શકે, એટલે આ સંપાદિત લોકસાહિત્ય સામગ્રીની એક મોટી ઉપયોગિતા ગણાય. લોકના ઇતિહાસની તો જીવતી સામગ્રી ગણાય, બોલતો દસ્તાવેજ ગણાય."[૧]

સાહિત્યકલામાં શિષ્ટકલા અને લોકકલા એ બે શબ્દો વચ્ચે ભેદરેખા જોવા મળે છે. શિષ્ટકલાના ક્લેવરનું ઘડતર શાસ્ત્રના નિયમો વડે તથા સૌંદર્યની દ્રષ્ટિએ થાય છે, જ્યારે લોકકલાના ક્લેવરનું ઘડતર લોકરુચિ અને લોકરુઢિના આધારે સ્વયંભૂ રીતે થતું હોય છે, પ્રાચીન કાળથી ભારતમાં પાઠ્યપ્રેક્ષ્ય અને ગદ્યપ્રેક્ષ્ય એમ બે પ્રકારનાં નાટકોની પરંપરા મળે છે. પાઠ્યપ્રેક્ષ્ય એટલે જેમાં ગદ્યનું, સંવાદોનું પ્રાધાન્ય હોય એવા દસ પ્રકારના રૂપો મળે છે, જ્યારે ઉપરૂપકો એટલે કે ગદ્યપ્રેક્ષ્ય વિસ કરતાં પણ વધારે સંખ્યાના પ્રકારોમાં મળે છે, જેમાં ગીત, સંગીત અને નૃત્યનું પ્રાધાન્ય હોય છે. આ રૂપકો મોટેભાગે ક્લાસીકલ છે, જ્યારે ઉપરૂપકો લોકનાટકો છે, લોકકલાના પ્રકારો છે. આશ્ચર્યની વાત તો એ છે કે રૂપકો કરતા ઉપરૂપકોની- લોકનાટ્યની પરંપરા પ્રત્યેક પ્રાંતમાં ઘસાતી ભૂંસાતી પણ લોકજીવનમાં અવશેષ રૂપે સચવાઈ રહી છે, આવા લોકનાટ્યમાં ભવાઈ સ્વરૂપ જુદું પડે છે, ભવાઈ એ કોઈનું અનુકરણાત્મક સ્વરૂપ ન હતું પરંતુ લોક શિક્ષણનું સાચું માધ્યમ હતું. ભરતના સમયમાં લોકધર્મની પરંપરાના પ્રેક્ષક માંથી ભવાઈ ઉતરી આવી છે ભવાઈ સાથે અસાઇત ઠાકરનું નામ અવિભાજ્ય પણે સંકળાયેલું છે. ગુજરાતમાં જ નહીં પરંતુ અન્ય રાજ્યોમાં પણ ભવાઈને મળતા આવતાં લોકનાટ્યો જોવા મળે છે, જેમકે આંધ્રમાં યક્ષગાન, મહારાષ્ટ્રમાં તમાશા, લલિત, ગાંધળ, બંગાળ અને બિહારમાં જાતર, હરિયાણા અને પંજાબમાં સ્વાંગ, તમિલનાડુમાં તેરૂકુટ્ટુ, રાજસ્થાનમાં રાસ, ઝુમર, મલબારમાં કથકઅલી, આંધ્રમાં ભાગવત મેલા, ઉત્તર પ્રદેશમાં રામલીલા, રાસ, નોટંકી, સ્વાંગ કે ભાંડ, મધ્ય ભારતમાં માચ અને ખ્યાલ, દક્ષિણ ભારતમાં વિધિનાટકમ લોલબિમ્બાલ, કામનકોટુ તરીકે ઓળખાય છે એમ ગુજરાત-સૌરાષ્ટ્રની લોકનાટ્ય પરંપરા ભવાઈ નામે જાણીતી છે. આપણો આ તળપદો નાટય-પ્રકાર મધ્યયુગમાં સોળે કળાએ ખીલ્યો હતો. આમ ભવાઈએ નિર્વિવાદપણે લોક નાટ્યનું જ એક સ્વરૂપ ગણાય છે.

ભવાઈ શબ્દની ઉત્પત્તિ પર વિવિધ વિદ્વાનોએ પ્રકાશ પાડતા પ્રયત્ન કર્યો હોવા છતાં તેની વ્યુત્પત્તિ ચર્ચાસ્પદ રહી છે. શ્રી જયમલ્લ પરમાર નોંધે છે કે ભવ એટલે શિવ, સૂરો અને અસુરો વચ્ચે યુદ્ધ થયું એમાં વિરૂપાક્ષરૂપે અસુરોનો વધ કર્યો હતો. નાટકની આવી યોજનાઓમાં વિરૂપાક્ષે વેશ લીધો તેથી ભવ-નટરાજ ઉપરથી ભવાઈ- ભવાયા એમ થયું. સામાન્ય રીતે એવું માની શકાય કે ભવાઈમાં ભવની વહી એટલે કે ભવમાં જે વહી ગયેલું છે તેની આખી યાદી જુદા-જુદા વેશમાં રજૂ થતી હોવાથી તેનું નામ ભવાઈ પડ્યું હશે.

"સ્વ શ્રી રસિકલાલ પરીખ નોંધે છે કે ભવાઇના ચોપડાઓમાં 'ભાવન' શબ્દના નિર્દેશો મળે છે, જૈન પરિભાષામાં રાતના મંદિરોમાં અથવા પૂજાસ્થાનના ચોગાનમાં વાંદ્યો સાથે સ્તવનો ગવાય છે. કોઈક કોઈકવાર નૃત્ય પણ થાય છે, તે હજી પણ 'ભાવના' કહેવાય છે. આ રીતે જોઈએ તો ભવાઈએ અંબા માતાના ચોકમાં થતું 'ભાવન' છે આમ ભવાઈ ભક્તિનો એક પ્રકાર છે."[૨]

આમ ગુજરાતી લોક ભવાઈ શક્તિ પૂજાની પરંપરા સ્વરૂપે માતાજીના મંદિરમાં આવિર્ભાવ પામી. પાછળથી જેમ જેમ એનો વિકાસ થયો એમ એમ એ સંસાર જીવનના ધાર્મિકેત્તર અંશોને પણ ખીલવતી ગઈ, ક્રમે ક્રમે લોક સમાજની લાગણીના સૂરોના સારાએ સપ્તકને સ્પર્શી રહી. આમ ભવાઈ મંદિરના પ્રાંગણમાં પુરાઈ ન રહેતો એમાંથી ખસીને ગામના ચોગાનમાં આવી. ભજવનારો, ગાયન, વાદન, અને નર્તનનો નિપુણ એવો તરગાળા બ્રાહ્મણોનો વર્ગ ઉભો થયો જે ભવૈયાના નામે ગુજરાતમાં ગામે ગામ ફરીને ભવાઈના વિવિધ દેશો રજૂ કરી મનોરંજન કરવા લાગ્યો.

નરસિંહ પૂર્વેના જૈનેત્તર કવિઓમાં નોંધપાત્ર એવા શ્રી અસાઈત, શ્રીધર વ્યાસ, શ્રી ભીમ, અને અબ્દુલ રહેમાન છે, પણ તેમાં સૌથી વિશેષ ધ્યાન ખેંચે તેવા કવિ અસાઇત છે. ઈસ.૧૩૬૧ કે ૧૩૭૧ ઐતિહાસિક ક્રમ અનુસાર તેઓ ગુજરાતના સૌથી પ્રથમ જૈનેત્તર કવિ ગણાય, એમ શ્રીકાંત નાયક નોંધે છે. વિદ્વાનોમાં આ અંગે મત ભેદો મળે છે એક છપ્પામાં અસાઈત સંવંત ૧૩૦૦માં થયાની હકીકત મળે છે.

**'સવંત તેરસો મહીં, દેવી બહુચર વરદીધો,**
**ભવવહી સંગ્રહ ગ્રંથ, કોડે રચતા કર લીધો,**
**ઠાકર આશારામ, ગોર કણબીજન કેરા,**
**વિવિધ જાતિના વેશ, ભજવતા રહ્યા ભલેરા,**
**અશ્રિતદેવી કુળ કણબીના**
**જુગતે અસૈત એ ભણીએ,**
**જગદંબા શુભ જેહે વિગતે વાત વખાણીએ"[૩]**

એક વિદ્વાન બ્રાહ્મણ કથાકાર ભવાઇ વેશોનો રચયિતા કેવી રીતે બન્યો તેની કથા આ પ્રમાણે મળે છે. ચૌદમા સૈકામાં ભારદ્વાજ ગોત્રના યજુર્વેદી ઔદીચ્ય બ્રાહ્મણ અસાઇત સિદ્ધપુરમાં રહેતા હતા. કવિ, ગાયક અને વક્તા એવા અસાઇતની જીભે માતા સરસ્વતી હાજર હાજર હતી આ સમયગાળો અલાઉદ્દીન ખીલજીની સત્તાનો અંત અને મહમ્મદ તખલખની સત્તાના ઉદયનો હતો. અસાઈત ઠાકર માતાજીના ઉપાસક હતા અને ઊંઝા ગામના કળબી પટેલ કોમના પુરોહિત હતા, ઊંઝા ગામમાં હેમાળા પટેલને ગંગા નામની સુંદર પુત્રી હતી. તેના વિશે અલ્લાઉદ્દીનનો સુબો જહાનરોજે વાત સાંભળી અને ગંગાને પોતાની ત્યાં ઉપાડી લાવ્યો. આ વાત અસાઈત ઠાકર સુધી પહોંચી. અસાઈત ખુબ ઉંચા પ્રકારનો ગાયક હતો. તેણે સુબાની મહેફીલમાં ગાઈને સુબાને મુક્ત કર્યો. સુબાએ અસાઈતને કંઈક માગવા કહ્યું ત્યારે અસાઇતે દીકરી ગંગાને પાછી માગી. સુબાએ દલીલ કરી કે ગંગા પાટીદારની પુત્રી છે અને તું બ્રાહ્મણ છે, જો તારી પુત્રી હોય તો સાથે એક જ ભાણે ભોજન કર, અસાઈતે સુબાની હાજરીમાં ગંગા સાથે એક જ ભાણે ભોજન કરીને તેને છોડાવી તો ખરા પરંતુ તે સમયના ઉગ્ર જ્ઞાતિવાદે અસાઇત અને તેના ભાઈઓને જ્ઞાતી બહાર કાઢ્યા, ત્યારે ઊંઝાના પટેલે તેમને જમીન અને ત્રણ ઘર બાંધી આપ્યા અસાઈતના પછી તેના ત્રણ પુત્રો શ્રીગદ, માંડણ અને પાંચાએ મળીને પિતાનો આ વ્યવસાય ચાલુ રાખ્યો. ત્રણે-ઘરોના આ વિસ્તારને 'ત્રિઘરા' કે 'ત્રિઘરાળા' ને નામે ઓળખાયો. 'ત્રિઘરાળા'માંથી અપભ્રંસ થઈને 'તરગાળા' શબ્દ આવ્યો. ભવાઈ ભજવવા માટે જે ટોળિયો નીકળતી તેનો આગેવાન નાયક તરીકે ઓળખાતો. તરગાળા થયા પછી અસાઇતે માતાની ઉપાસના કરી ત્યારે માતાજીએ પ્રસન્ન થઈને ચુડો, ચુંદડી અને કાંચળી આપ્યા, ત્યારથી અસાઈતે માતાજીના ગુણગાનના વેશ રચિ ભવાઈ સ્વરૂપે ભજવવાના શરૂ કર્યા. અસાઈતે જુદા જુદા ૩૬૦ વેશ રચીને સમગ્ર ગુજરાતમાં તેનો ફેલાવો કર્યો.

ઉત્તર ગુજરાતમાં આ સ્વરૂપ સવિશેષ પ્રમાણમાં પ્રસિદ્ધ પામેલું છે. ભવાઇના વેશમાં કથા, નાટક, ગીત, નૃત્ય અને સંગીતકલાનો અનન્ય સમન્વય થયેલો જોવા મળે છે. એક જ રાતમાં ભવાઇના અનેક વેશ ભજવાતા હોવાથી **'રાત થોડીને વેશ ઝાઝા'** એવી રીતે આપણને પ્રાપ્ત થઈ છે. ભવાઈ વેશના પાત્રો ખુલ્લી રંગભૂમિ પર નાચતા અને ગાતા પ્રવેશે છે. નાચગાન કરતાં કરતાં તેઓ પોતાનો અનેક કથા વસ્તુનો પરિચય કરાવે છે. ભવાઈના વેસોમાં અઢાર વર્ણોના પાત્રોના  રજૂઆત પામે છે, આમો જે તે પાત્રો સાથે તેની કોમની વિલક્ષણતા કે ખાસિયત રજૂ થતી હોય છે. અવૈદ્ય, કામાચાર, વ્યંગ, કટાક્ષ, ઉપહાસ, ટીખળ વગેરે ભવાઈ દ્વારા રજૂ થતા હોય છે. ઘણા વેશો સામાજિક અને સાંસારિક હોય છે જેમકે, 'કજોડા'નો વેશ, 'બાબાજીનો વેશ', 'મિયાબીબી'નો વેશ, 'દરજીડા'નો વેશ વગેરે તો કેટલાક વેશમાં દંતકથાનો આધાર લેવામાં આવે છે, જેમકે 'ઝંડા જુલણનો વેશ', 'લાલજી મણિયારનો વેશ' વગેરે. ધાર્મિક વેશોમાં 'ગણપતિનો વેશ', 'કાળકાનો વેશ', 'ભાથી હરજીનો વેશ' વગેરે.

જુદી જુદી **હિન્દૂ જાતિઓના વેશ: વ્યવસાયલક્ષી વેશ:**

- વણઝારાનો વેશ
- કંસારાનો વેશ
- કુંભારનો વેશ
- ઢેડનો વેશ
- પનિહારીનો વેશ
- બાવાનો વેશ
- જોગી જોગણનો વેશ
- પાંચ ચોરનો વેશ
- કજોડાનો વેશ
- પટેલ પટલાણીનો વેશ
- વાઘરીનો વેશ
- વાદીનો વેશ
- બ્રાહ્મણનો વેશ

**મુસ્લિમ સંસ્કૃતિની અસર વ્યક્ત કરતા વેશ:**

- જુઠણનો વેશ
- અડવા વાણિયાનો વેશ
- છેલબટાઉલાલ બટાઉનો વેશ-
- ઝંડા ઝુલણાનો વેશ
- પઠાણ બામણીનો વેશ
- મણિયારનો વેશ
- મિયાબીબીનો વેશ
- ફકીરનો વેશ

**રાજપૂત યુગની સંસ્કૃતિનો રજૂ કરતા વેશ:-**

- સુરાનો વેશ
- ટેંડા રાજપૂતનો વેશ
- રામાપીરનો વેશ
- જશ્માઓડણનો વેશ
- સધી જશ્માનો વેશ
- મણીબા સતીનો વેશ
- રતના હમીરનો વેશ
- રાજા સિધ્ધરાજનો વેશ
- સુરા ઠાકોરનો વેશ

**દંત કથા તેમજ ઇતિહાસનું મિશ્રણ હોય તેવા વેશ :-**

- શક્તિ પૂજાના વેશ
- પતઇ રાવળનો વેશ
- કાલકાનો વેશ
- બેચરાજીનો વેશ
- પાવૈ પુરાણનો વેશ
- કાનગોપીનો વેશ
- શંકર પાર્વતિનો-વેશ
- કેરબાનો વેશ
- રામ રાવણનો વેશ
- મઢીનો વેશ
- પાવૈયાનો વેશ
- ગજાનંદ ગણપતિનો વેશ.

વગેરે જેવા ભવાઈના જુદા જુદા વેશ પ્રચલિત છે. ભવૈયાઓ દશેરાના દિવસે બહુચરાજીના મંદિરમાં અંબા માતાના મઢ કે ગોખ આગળ ભૂંગળ વગાડી સૌપ્રથમ રમત આપે છે અને માતાજીના શુકન માગી મલક ફરવા માટે મંડળી બનાવીને નીકળી પડે છે. ઉત્તર ગુજરાતમાં કડી, કલોલ, પાનસર, બ્રાહ્મણવાડા, ભાલક, સુંઢિયા વગેરે ગામોના નાયકની મંડળીઓ ખેડા, પંચમહાલ, વાંસદા, ધરમપુર, નંદબાદ અને ભાલ-બાર તરફ ભવાઈ કરવા નીકળી પડે છે. જ્યારે રાજકોટ, જામનગર, વાંકાનેર, મોરબી, પોરબંદર, દ્વારકા અને ધાંગધ્રા તરફ ભવૈયા સૌરાષ્ટ્રમાં આવેલા પોતાના યજમાનોમાં ઉનાળા- શિયાળાના આઠ આઠ માસ ફરીને રમતો આપે છે.

ભવાઈએ ભૂમિ પર રજૂ થતો નાટ્ય પ્રકાર છે, તેમાં જુદા જુદા દેશોની હારમાળા આવે છે. સામાન્ય રીતે પાત્રો વચ્ચેના સંવાદ સીધા બોલાતા નથી, પણ લયબદ્ધ રીતે બોલાય છે ભવાઈમાં ગેપ અને મર્માળ ઊર્મિગીતો ઉપરાંત પ્રાર્થના ભજનો, સાખીઓ, દુહા, આરતી રેળતા આવતા હોવાથી તેના વેશો સોળેકલાએ ખીલી ઊઠે છે. ભવાઈમાં લગભગ બધા જ રસોનો આસ્વાદ મળે છે, પણ હાસ્ય રસ તેમાં પ્રમુખ સ્થાને હોય છે ભવાઈનું આગવું તેમજ વિશિષ્ટ લક્ષણ એ છે કે કથાનકની પસંદગીથી માંડીને ઉદઘાટિત કરવા સુધીનું આખું સ્વરૂપ ખૂબ જ મુક્ત હોય છે. તેની સામગ્રીમાં ચલતી, દાંડીઓ, તરગડો, હિંચ જેવા તાલો તેમજ ભૈરવી, મલ્હાર, સોરઠ, સારંગ જેવા રાગોને વણી લેવામાં આવે છે. ભવાઈમાં ભુંગળ, નરગા અને કાશીજોડ, ઝાંઝર પેટીવાજુ માત્ર વાંજીત્રો જ નહીં પરંતુ તેના અભેદ અંગ બની જાય છે. એમાં ભૂંગળવાદની પણ એક વિશિષ્ટ કળા છે જેમ કે **"ભૂંગળ વગરની ભવાઈ એ હળદર વગરની કઢી કે બાવા વગરની મઢી જેવી લાગે છે,** મૂળે તો આ ભૂંગળ ભવાઈનું ખાસ ચિહ્ન છે માતા કાલકા કોઈક ભક્ત ભવાયાને પ્રસન્ન થયા હતા તે સમયે તેને ભુંગળ અને ચુંદડી ભેટ આપવી તેવી જનશ્રુતિ પ્રચલિત છે." ભવાઈમાં મુખ્ય પાત્રો જે હસાડવાની સાથે સમાજની વિચીત્રતાઓ પ્રગટ કરે છે તેને 'ડાગલો' કે 'રંગલો' કહેવામાં આવે છે, ભૂંગળ વગાડનારને ભૂંગળીઓ, બ્રાહ્મણના પાત્રને બામણીઓ, તબલા વગાડનારને પખાજી, ચોચરની બધી વસ્તુઓને ઝડપથી ભેગી કરી આપનારને પડપડીયો, તેમજ કાંચળી પહેરીને સ્ત્રીનું પાત્ર કરનાર પુરુષને 'કાંચળીયો' કહેવાય છે, ભવાઈમાં સર્વે પુરુષો પુરુષ પાત્રો હોય છે, તેમજ તેમની સંખ્યા ઓછામાં ઓછી નવ અને વધુમાં વધુ વીસ (૨૦) હોય છે, કોઈ સ્ત્રી પાત્ર હોતું નથી. 'રંગલી'નું પાત્ર અર્વાચીન ભવાઈમાં પાછળથી જોડાયેલું છે, ટૂંકમાં એમ કહી શકાય કે ભવાઈ ટિકિટ બારી વગરનું થિયેટર છે.

ભવાઈના વેશમાં 'આવણું' બહુ મહત્વનું અંગ મનાય છે. ગીત, સંગીત અને નૃત્યના લયમાં રંગલો અને રંગલી પ્રવેશ કરે છે જે પોતપોતાનો પરિચય આપે છે તેમજ જે વેશ ભજવવાનો છે તેની મુખ્ય ભૂમિકા બાંધે છે, સૌ પ્રથમ ગણપતિ વંદના કરે છે.

**"દુંદાળો દુઃખ ભંજણો, સદાયબાળે વેશ,**
**પરથમ પહેલા સમરીયે, ગૌરી નંદ ગણેશ"**

ગણેશ વંદના પછી કાલી આવે છે. શક્તિનું સૌથી ઉગ્ર સ્વરૂપ લોકોએ કાલીમાં કલપ્યુ છે. વળી કાલીએ દુષ્ટ તત્વોની સંહારક તેમજ કાળો રંગ નજરીયા ઉતારવા વપરાય છે, એટલે ભવાઈને ગણેશના શુકન પછી કાલીમાતાનું રક્ષણ મળે તે હેતુથી તેનો પૂર્વ રંગમાં જ સમાવેશ થાય છે ભવાઈની નિંદા કરનારને ચમત્કાર બતાવવાની કાલીને વિનંતી કરે છે ત્યારે કાલી કહે છે કે....

**"હાઉ હાઉ - ખાઉં ખાઉં....**
**ભવાઈમાં જે ભૂંડું બોલે**
**ભવાઈની જે નિંદા કરે**
**તેને ઝાલી ખાઉં ખાઉં"**

જાણે પ્રત્યક્ષ કાલી માતા આ વચનો બોલતા હોય તેવું દ્રશ્ય ક્ષણવાર માટે બની જાય છે અને અંતે ગામ આખાના રોગ- દોષ દૂર કરતાં તેમજ આશીર્વાદ આપતા ખાલી કહે છે કે....

**"ગામ આખાનો રોગ જજે,**
**દોગ જજે**
**ભલે ભાવે ભવાઈ કરજો**
**માતાજીને નમન કરજો."**

ભવાઈમાં કાળી માતાની વંદના પછી ડગલાનું પાત્ર પ્રવેશે છે. આવણું માં તે પોતે જ બોલતો બોલતો આવે છે કે,,,

**"બડે કું બડી સલામ, છોટે કું છોટી સલામ,**
**બેઠે કું બેઠી સલામ, ખડે કું ખડી સલામ,**
**જાડે કું જાડી સલામ, પતલે કું પતલી સલામ**
**સલામ..... સલામ...... સલામ....."**

આમ આખી ભવાઈ દરમિયાન અલગ અલગ ચેષ્ટાઓ કરી ગામ આખાને હસાવતો ડગલો પાછળથી રંગલાના પાત્રમાં આવે છે.

આમ પૂર્વ રંગની વિધિમાં ગણેશ, કાલી, બ્રાહ્મણ તેમજ ડગલો આવે છે જે ભવાઈના વેશ શરૂ થાય છે ત્યારે અન્ય પાત્રોના વેશમાં આવે છે. રંગલો શબ્દ જ કેવો સરસ છે એની જોડે બીજા કોઈ પ્રાદેશિક લોકનાટ્યમાં ન મળી શકે, રંગ એ નાટ્યનું સૂચન કરે છે અને એમાંથી બનાવેલું 'રંગલો' નામ હાસ્ય દ્વારા સંસારને ખોટી ખોટી બાબતોને સરસ અને સરળ બનાવી રજૂ કરે છે. ભવાઈના વેશોમાં અસલીલતાનો અંશ પણ જોવા મળે છે તેમ છતાં ગ્રામજનોમાં અશ્લીલતાને ગંભીરતાથી ન લેતા હાસ્યમાં ખપાવવામાં આવે છે. ડાગલાની કરુપતા વિશે ખુદ પ્લેટોએ પણ કહ્યું છે કે,,,

વિનોદીપાત્ર કુરુપ હોવું જોઈએ, રંગલાનો મુક અભિનય ચેષ્ટા ક્રિયાઓ અને હાસ્યને કારણે તેની હાજરી સમગ્ર ભવાઈમાં હોય તે સૌને ગમે છે જો ભવાઈ માંથી રંગલાના પાત્રનો લોપ કરવામાં આવે તો હું માનું છું ભવાઈનું સ્વરૂપ રસ વિનાની કેરી જેવું બની રહે.

આમ ભવાઈ એ મનોરંજનની સાથે સાથે સમાજ જીવનને પણ ઉજાગર કરે છે. રંગલાનું પાત્ર ત્યાં ઉપસ્થિત લોકોનું અનુકરણ કરી કટાક્ષ અને તીક્ષ્ણ વિનોદ દ્વારા તેઓની મુર્ખામી પર તેમને જ ખડખડાટ હસાવવા ભવાઈ સમાજની મર્યાદાઓ, દૂષણો તેમજ જુદી જુદી જ્ઞાતિઓની ખૂબીઓ જુદા જુદા વેશો દ્વારા પ્રગટ કરે છે જેમ કે,,,

**"ગોરમા આતે શો અવતાર કે અબળા જાતનો રે,**
**સોળ વરસની રાજ હું સુંદરી, મારો એંશી વરસનો ભરથાર,**
**મને જોડું વિધાતા એવું મળ્યું, મારો એળે ગયો અવતાર."**

ઝંડા-ઝૂલણમાં આવતી આવી ઉક્તિઓથી પ્રેક્ષકોને રમુજ થાય છે અને સાથે સાથે સમાજના બાળ લગ્ન કજોડાના પ્રશ્નોને બહાર લાવી તેની તરફ લોકોનું ધ્યાન દોરવાનો આશય પણ રહેલો છે, આમ ભવાઈ લોક શિક્ષણનું અસરકારક માધ્યમ છે. ભવાઈના કલાકારો

સમાજની નાડી પારખીને જુદા જુદા વેશોની ભજવણી દ્વારા મનોરંજન પણ કરાવે છે, તેમજ તેમાં ઘર કરી ગયેલા રુઢિયો, બંધનો, વહેમો, કુરિવાજો સામે ચાબખા મારીને પ્રજાને સંસ્કારવાનો પણ પ્રયત્ન કરે છે.

આમ પહેલાના સમયમાં જે ભવાઈ નું સ્વરૂપ જેટલું લોકપ્રિય હતું તે વર્તમાન સમયમાં એટલું લોકપ્રિય રહ્યું નથી. તેની પાછળનું કારણ નવા નાટકોમાં સરંજણાની સાથે સાથે થિયેટર, બેસવાની નવી ઢબના ક્લાસો, ખુરશીઓ, પડદા, ટીવી, લોકજીવનની આધુનિક વિચારસરણીએ આવતા ભવાઈનું સ્વરૂપ જોખમાઈ ગયું છે. શહેરી પ્રજાનો રસ ભવાઈ માંથી ઉડી ગયો છે, તો ગ્રામજીવનમાં પણ ભવાઈના મૂળ સ્વરૂપનો અપભ્રંશ થયો છે. દુખની વાત એ છે કે અત્યારે સાચી ભવાઈ કરવાવાળા નટો જે મળવા દુર્લભ છે. આજે સમય પાછળ દોડતો મનુષ્ય રાત્રે એક બે કલાક ભવાઈ જોવા બેસવા સમર્થ નથી. પરિણામે આજે ભવાઈનું મહત્વ ધીમે ધીમે ઘટતું જાય છે. તેમ છતાં ભવાઈ આજે સંપૂર્ણ નેસ્તનાબૂદ થઈ છે તેવું પણ માની લેવાય નહીં. કાલગ્રસ્ત થયેલી વસ્તુ ફરી જીવતી થઈ શકતી નથી. પણ કાલગ્રસ્ત વસ્તુને જેમ સંગ્રહ સ્થાને મૂકી શકાય તેમ ભવાઈને પણ તેના સાચા સ્વરૂપમાં રાખવી જોઈએ.

❖ **સંદર્ભ :**


1. પૃ ૧૧.'મુંતો ઢોલે રમું' સંપાદક અમૃત પટેલ -
2. પૃ ૪૮.'મંનોરંજન કરાવનારી લોકજાતીઓ' સંપાદક .જોરાવરસિંહ જાદવ -
3. પૃ ૨૫૨.'સૌરાસ્ટ્રની પછાત કોમો
4. પૃ ૬૮.'મંનોરંજન કરાવનારી લોકજાતીઓ' સંપાદક .જોરાવરસિંહ જાદવ -